# ભારતીય જનતા પાર્ટી

(કેન્દ્રીય કાર્યાલય)

11, અશોક રોડ, નવી દિલ્હી -011

ફોન - 011 - 23005700 , ફેક્સ - 011 - 23005787

## ભાજપના રાષ્ટ્રીય પ્રવક્તા અને સાંસદ શ્રી પ્રકાશ જાવડેકરનું પ્રેસ નિવેદન

ઈપીએસ-95(ઈપીએફ પેન્શન) યોજના હેઠળ દર મહિને રૂ.1000 નહિ બલકે રૂ. 3000 લઘુત્તમ પેન્શન જાહેર કરવું જોઈએ એવી માગણી ભારતીય જનતા પક્ષે કરી છે. સરકાર દેશના મજુર વર્ગને લઘુત્તમ પેન્શન તરીકે રૂ. 1000 આપવાનો પ્રસ્તાવ જાહેર કરવા અંગે સરકાર વિચારી રહી હોવાના અહેવાલો અંગે ભાજપે આવી માગણી કરી છે. આ યોજના બાબતે ભાજપે એવી ટીકા કરી છે કે આટલું પેન્શન બહુ જ ઓછું છે. ભાજપ સતત આ યોજના બાબતે આગ્રહ કરતો રહ્યો છે, જેમાં દર મહિને 41 લાખ પેન્શનરો અને 5 કરોડ કામદારોને પેન્શન વધારવા અભિયાન ચલાવે છે .

શ્રી પ્રકાશ જાવડેકરે લઘુત્તમ પેન્શન વધારીને દર મહિને રૂ. 3000 કરવા માટે રાજ્યસભા પિટીશન સમિતિ અરજી કરી હતી. તેને ફુગાવા પર આધારિત બનાવવાની માગણી કરી હતી. તે અરજીમાંની તમામ માગણીઓનો સમિતિએ સ્વીકાર કર્યો હતો અને મુખ્ય માગણીઓ સ્વીકારવા માટે સરકારને ભલામણ કરી હતી. સમિતિએ આ યોજનામાં સુધારો કરવા ભલામણ કરી છે. પિટીશન્સ સમિતિનો અહેવાલ સંસદના ચોમાસુ સત્રમાં રજૂ થયો

હતો. આ સર્વસંમત અહેવાલ સ્વીકારી લેવાને બદલે સરકાર શ્રમ મંત્રાલયના જૂની દરખાસ્ત અંગે વિચારણા કરી રહી છે .

5 કરોડથી વધુ કામદારો-કર્મચારીઓ પ્રોવિડન્ટ ફંડ હેઠળ એમ્પ્લોયી પેન્શન યોજના માટે તેમના વેતનમાંથી 8.33 % ફાળો આપે છે. સરકાર પેન્શન યોજના માટે માત્ર 1.16 % ફાળો આપે છે. સરકારનો અપૂરતો ફાળો 41 લાખ પેન્શનરોમાંથી 30 લાખ પેન્શનરોને અસરકર્તા છે. પેન્શન તરીકે દર મહિને રૂ. 1000, 20 લાખ પેન્શનરોને દર મહિને રૂ. 500 મળે છે. સરકાર હવે ફાળો વધારીને 1.16 % થી 1.79 % કરવા માટે વિચારી રહી છે. સરકારે પણ તે હિસ્સો 8.33 % કરવો જોઈએ એવી માગણી ભાજપે કરી છે.

યુપીએ સરકાર કામદાર-વિરોધી સરકાર સાબિત થઈ છે. કરાર સિસ્ટમ હેઠળ કામદારોના શોષણ અને મજૂરો-વિરોધી પ્રથા ચાલુ રાખી છે. ભાજપ મજૂર વર્ગ માટે સમાજ સુરક્ષા સ્વરૂપમાં કામકાજ વેતનના નવા કરાર અપનાવવા માટે પ્રતિબદ્ધ છે.

**(અરુણ કુમાર જૈન)**

**કાર્યાલય મંત્રી**